મહિનો કાચની બરણીમાં સાચવેલા વીંછીએ દસ બચ્ચાને જન્મ આપ્યો

વીંછીના ગળા નીચેથી જન્મેલા બચ્ચા બધા વીંછીની પીઠ પર ચઢી ગયા

(જયેશ શ્રીમાળી), ગાંધીનગર, તા. ૨૨

મિત્રો, ગાંધીનગર શહેરના સેક્ટર-૨૦ની ઈન્કવાયરી પાછળ બ્લોક નં. ૯૩/૬ માં રહેતા એક



યુવાને વીંછીને મહિના પહેલા પકડ્યો હતો અને કાચની બરણીમાં ભીની માટી નાખી સાચવ્યો હતો એ વીંછીએ આજે એક સાથે ૧૦ બચ્ચાને જન્મ આપતા આસપાસના આડોસી-પાડોસી સૌ અચંબામાં પડી ગયા હતા અને ટોળે વળી વીંછીને નિહાળવા સવારથી જ લાઈનમાં લાગી ગયા હતા.

વાત જાણે એમ છે કે, ગાંધીનગરમાં જ પોતાની કર્મભૂમિ બનાવનાર ચાંપરાજસિંહ ડોડીયાએ ગત તા. ૨૨મી જૂન-૨૦૧૨ના રોજ પોતાના વતન નાની વાવડીમાં ૬૦ ફૂટ ઊંડા કૂવાના ખોદકામ દરમિયાન તેમાંથી નીકળેલો એક કાળો વીંછી પકડ્યો હતો. વીંછીને ગામ લોકો મારવા જઈ રહ્યા હતા ત્યારે ચાંપરાજસિંહે તેને બચાવી પોતાના ઘરે લઈ ગયા હતા. આસપાસના સૌ વડીલોને તેના ખોરાક વિશે પૂછીને સમગ્ર માહિતી એકઠી કરી કાચની બરણીમાં તેને રાખ્યો હતો. તેમણે વિચાર્યું હતું કે, 'ગાંધીનગર પરત ફરી તે આ વીંછીને કોઈક પ્રાણી સંગ્રહાલયમાં આપી દેશે' પણ ગાંધીનગર લાવતા આસપાસના સ્નેહીજનો, આડોશી-પાડોસી અને મિત્રોએ તેને જોવા, ફોટા પાડવા એટલો રસ દાખવ્યો કે તે પ્રાણી સંગ્રહાલયમાં તેને આપી ન શક્યા.

કાચની બરણીમાં ભીની માટી રાખી વીંછી મહીના સુધી ગાંધીનગરમાં તેમના ઘરે રહ્યો. આજે જ્યારે તેમણે જોયુ તો આ વીંછીએ ૧૦ બચ્ચાને જન્મ આપ્યો હતો. નાના-નાના સફેદ બચ્ચા એટલા સોહામણા છે કે તે જન્મતાની સાથે જ વીંછીની પીઠ ઉપર ચઢીને લપાઈ ગયા છે. જન્મ પણ અદ્‌ભૂત રીતે થયો હોય તેમ તેમણે જણાવ્યું હતું. સવારે જ્યારે તેમણે કાચની બરણી નીચે ઉતારી તો વીંછી બચ્ચાને જન્મ આપી રહ્યો હતો. વીંછીના મોંની નીચેના ભાગમાં, ગળાથી સહેજ પાછળના ભાગમાં સૌ પ્રથમ બચ્ચાની પીઠ બહાર નીકળી હતી અને પછી તેના નાના-નાના પગ બહાર કાઢી ગળા ઉપર થઈને બચ્ચા વીંછીની પીઠ ઉપર જતા રહ્યા હતા. આ રીતે દસ બચ્ચાઓ વારાફરથી જન્મ્યા હતા.

વીંછી માટી ખાય છે. ભીની માટીમાં રહીને ૪૮ કલાક સુધી હવા ન મળે તો પણ જીવી શકે છે. મિત્રો, વીંછીના ગળાની પાછળના ભાગમાંથી બચ્ચાઓ જન્મ લેતા હોય છે. જેમાં સૌ પ્રથમ પીઠ બહાર આવે છે અને પછી તેના પગ...!!
જન્મ સમયે બચ્ચા એકદમ ધોળા-ધોળા દૂધ જેવા હોય છે તથા જન્મતાની સાથે જ તે ચાલી શકે છે... છે ને નવાઈની વાત..!!!

અેક મહિનો સતત કાચનાી બારણીમાં રાખેલા આ વીંછીના ખોરાક વિશે તેમણે જણાવ્યું કે, મેં તેને કંઈ જ આપ્યું નથી. માત્ર બરણીમાં ભીની માટી નાખી છે. અને ૨૪ કલાકમાં

એકાદ બે વાર બરણી હવાની અવરજવર માટે ખોલી છે. લોકો કહે છે કે વીંછી માટી ખાઈને જીવે છે. આ વાત હું માનતો ન હતો પણ આજે મેં મારા અનુભવથી સમજ્યું છે. ખરેખર વીંછી માટી ખાઈને જીવે છે. કેટલાક લોકો કહે છે કે, 'પોતાનું પેટ ફાડીને બહાર કાઢતા બચ્ચાને વીંછી ખાઈ જાય છે અને બચ્ચાના જન્મ પછી વીંછી મૃત્યુ પામે છે.' આ વાત પણ મેં સાંભળી હતી પણ અત્યારે આ ઘટનાને ૧૨ કલાક થયા પણ બચ્ચા બધા જીવે છે અને વીંછી મૃત્યુ પણ પામ્યો નથી.

વલાદ પાસે ટ્રકમાંથી ૨૫ કિલો પ્લાસ્ટિકના દાણાની ૧૧૧ બોરીઓ ચોરી તસ્કરો ફરાર

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરના વલાદ ગામે હોટલ શેખાવત નજીક આવેલા કિંગ્સ રોડ કેરિયર ટ્રાન્સપોર્ટની આગળ પાર્ક કરેલ એક ટ્રકમાંથી તાડપત્રી કાપી ૨૫ કિલો વજનની પ્લાસ્ટીક બનાવવા વપરાતા પ્લાસ્ટીકના દાણાની ૧૧૧ નંગ બોરી કિં. રૂ. ૨,૬૪,૧૮૦ની મત્તાની તસ્કરોએ ઉઠાંતરી કરી પલાયન થઈ ગયા હતા. જે અંગે ટ્રકના માલિકે ડભોડા પોલીસમાં ફરિયાદ આપતા પી.એસ.આઈ. પી.એસ. પરમારે ગુનો નોંધી તસ્કરોને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ગાંધીનગર જિલ્લાના વલાદ ગામે હોટલ શેખાવત નજીક કિંગ્સ રોડ કેરિયર નામની ટ્રાન્સપોર્ટની ઓફિસ આવેલી છે. જ્યાં ગત રાત્રીના ૯.૩૦ કલાકે પ્લાસ્ટીક બનાવવા વપરાતા પ્લાસ્ટીકના દાણા ભરેલી એક ટ્રક પાર્ક કરવામાં આવી હતી. જેની ઉપર તાડપત્રી પણ બાંધવામાં આવી હતી. દરમિયાન મોડી રાત્રે કેટલાક તસ્કરોએ આ પાર્ક કરેલી ટ્રકની તાડપત્રી ફાડી તેમાંથી પ્લાસ્ટીક બનાવવા વપરાતા પ્લાસ્ટીકના દાણાની ૧૧૧ નંગ બોરી જેનુ એક નંગ બોરીનું વજન ૨૫ કિલો છે અને કિં. રૂ. ૨,૬૪,૧૮૦ થાયછે તે લઈ તસ્કરો પલાયન થઈ ગયા હતા. આ અંગે ટ્રક માલિક અંકિત રમેશસિંહ ઓહલાન (ચૌધરી)ને સવારે માલુમ પડતા તેઓ ડભોડા પોલીસમથકે ફરિયાદ નોંધાઈ હતી. આ સંદર્ભે ડભોડા પોલીસમથકના પી.એસ.આઈ. પી.એસ. પરમારે ગુનો નોંધી તસ્કરોની શોધખોળ હાથ ધરી છે.

અષાઢ માસ કોરો ધાકોર વિત્યા બાદ શ્રાવણીયા વરસાદનો માહોલ પણ જામતો નથી. મેઘરાજાના રીસામણાના કારણે અછતની સ્થિતિ સર્જાઈ છે. ધરતીપુત્રો વધુ ચિંતામાં છે. ખેડૂતોની વધુ સંખ્યા છે તેવા ચિલોડા વિસ્તારમાં મેઘરાજાને મનાવવા માટે રામજી મંદિરમાં મહિલાઓએ રામધૂનની રમઝટ બોલાવી હતી. મેઘરાજા પધારો... આવો રે... તારી વાટ જુએ... મોર ટહુકા કરે..ના પોકારો કરી મહિલાઓ મેઘરાજાની પ્રસન્નતા ઈચ્છી રહી છે.
(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

મધ્યાહ્‌ન ભોજનના કર્મચારીઓ પોતાના પ્રશ્નોની રજૂઆત કેન્દ્રમાં કરશે

આંદોલનને ૪૫૪ દિવસ થવા છતાં મ.ભો.ના કર્મચારીઓ જૈસે થે : તંત્ર અવાક્

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર સેક્ટર-૬ ઘ-૩ સર્કલ ખાતે સત્યાગ્રહ છાવણીમાં છેલ્લા ૪૫૪ દિવસથી પગાર વધારાના વિરોધમાં મધ્યાહ્‌ન ભોજન યોજનાના કર્મચારીઓ ઉપવાસ પર બેઠા હોવા છતાં ગુજરાત સરકાર તરફથી કોઈ પ્રતિભાવ નહી સાંપડતા હવે આ કર્મચારીઓ ઉગ્ર લડતના મુડમાં આવી ગયા છે અને ૨૫ જુલાઈના રોજ કેન્દ્ર સરકાર સમક્ષ રજુઆત કરવા દિલ્હી જશે.

ગુજરાત રાજ્ય મધ્યાહ્‌ન ભોજન યોજનાના કર્મચારી મંડળના પ્રમુખ ચંદનસિંહ વાઘેલા અને રાજ્ય મંડળના મંત્રી ઈશ્વરભાઈ જોષી તેમજ મંડળના હોદ્દેદારોએ સંયુક્ત નિવેદનમાં જણાવ્યું છે કે, મધ્યાહ્ન ભોજનમાં કામ કરતા સંચાલક, રસોઈયા, તેમજ મદદનીશ કર્મચારીઓ માસીક રૂ. ૧૦૦૦ના સામાન્ય વેતનથી છેલ્લા ૨૭ વર્ષથી નોકરી કરી રહ્યા છે. આ યોજનામાં એક લાખ કર્મચારીઓમાં ૬૦ હજાર મહિલા કર્મચારીઓ જોડાયેલી છે. જેમાં વિધવા, ત્યકતા, તેમજ નિરાધાર મહિલા કર્મચારીઓ પણ છે. છેલ્લા ૨૭વર્ષથી શોષણ કરતી રાજ્ય સરકાર સામે ન્યાય મેળવવા ગાંધી ચિંધ્યામાર્ગે કર્મચારી મહામંડળ દ્વારા તા. ૨૫ એપ્રિલ-૨૦૧૧ થી શાંત અને અહિંસક આંદોલન ગાંધીનગર ખાતે શરૂ કરવામાં આવ્યું હતું. આ આંદોલનને ૪૫૪ દિન થવા છતાં સરકાર તરફથી કોઈ હકારાત્મક પ્રતિભાવ મળ્યો નથી.

જો કે, પગાર, લઘુત્તમ વેતન, આપવાનો ચુકાદો ગુજરાત હાઈકોર્ટે અને સુપ્રિમ કોર્ટે દિલ્હીએ કર્મચારીની તરફેણમાં ચુકાદો આપ્યો છે. જેના સંદર્ભે રાજ્ય સરકાર ઝડપી અમલ કરે તે હેતુથી આંદોલન શરૂ કરવામાં આવ્યું હતું. આંદોલનના ૪૫૪ દિવસ થવા છતા કોઈ સમાધાન રાજ્ય સરકાર તરફથી ન આવતા કર્મચારી મંડળના પ્રમુખ ચંદનસિંહ વાઘેલાની આગેવાની હેઠળ દિલ્હી ખાતે રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, માનવ વિકાસ સંસાધન મંત્રી તેમજ સોનિયા ગાંધી અને અહેમદ પટેલ સમક્ષ તેમની માંગણીઓનો સત્વરે ઉકેલ આવે તે બાબતે ચર્ચા-વિચારણા કરશે. ઉકેલ ન આવે ત્યાં સુધી દિલ્હી મુકામે રોકાવાની સૌએ તૈયારી બતાવી છે. આગામી સમયમાં સરકાર આ બાબતે યોગ્ય અને હકારાત્મક નિર્ણય લઈ કર્મચારીઓની વ્યથા સમજી નિર્ણય લે તેવી સૌની લાગણી અને માંગણી છે.

ચ-૩ નજીક બે ગાડીઓ અથડાઈ : બે ને ઈજાઓ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર ચ-૩ સર્કલ નજીક આજે સવારના સમયે બે ગાડી વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં ત્રણ વ્યક્તિઓને નાની-મોટી ઈજાઓ થવા પામી હતી. આ અંગે સેક્ટર-૭ પોલીસે બોલેરો ગાડીના ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ફરિયાદી તરૂણભાઈ કાન્તીભાઈ પુરોહિત (રહે. સેક્ટર-૨૦ પ્લોટ નં. ૩૩/૧) પોતાની માલિકીની આઈ-૨૦ કાર નં. જીજે-૧-કેક્યૂ-૩૦૨૮ લઈ પોતાના ઘરેથી સેક્ટર-૮ તરફ જઈ રહ્યા હતા તે દરમિયાન સરિતા ઉદ્યાન તરફથી આવતી બુલેરો ગાડી નં. જીજે-૧૮-બી-૨૭૩૨ના ચાલક મહેબુબ નાનભાઈ શેખે બેદરકારીપૂર્વક ગાડી હંકારી આઈ-૨૦ કારને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ડાહ્યાભાઈ પ્રજાપતિ અને કનૈયાલાલ સોનીને નાની-મોટી ઈજાઓ થવા પામી હતી. આ સંદર્ભે સેક્ટર-૭ પોલીસે ઘટના સ્થળે આવી બોલેરો ગાડીના ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બાલાજી મંદિર સે. ૧૬માં શિવકથા પારાયણ

ગાંધીનગર, તા. ૨૨

બાલાજી મંદિર સેક્ટર-૧૬ ખાતે શિવકથા સંજય ભારતીબાપુની વ્યાસપીઠે યોજાઈ છે. જેમાં આજે ભોળાનાથ શિવ પાર્વતીના લગ્નનોપ્રસંગ મહિલા મંડળના સભ્યો દ્વારા ખુબ જ ઉત્સાહપૂર્વક ઉજવાયો હતો. આ લગ્ન પ્રસંગે સુંદર મજાની ચોરી શણગારવામાં આવી હતી. વ્યાસપીઠ પરથી શિવ કથાનું ગાન ખુબજ ભક્તિમય રીતે ભારતીબાપુએ પોતાની આગવી શૈલીમાં રજુ કર્યું હતું. આ કથા દરમ્યાન માતાજીના પ્રાગટ્ય પ્રસંગ, હિંડોળા દર્શન અને માતાજીના ચુંદડી પ્રસંગ પણ સુંદર રીતે યોજાયા હતા.

શ્રાવણી સોમવારે ૧૦૮ દીવડાઓની મહાઆરતી સાંઈબાબા મંદિર, સે. ૩૦માં યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

શ્રાવણ માસમાં શિવ ભક્તોને ધ્યાનમાં રાખી શ્રાવણ માસના દર સોમવારે સેક્ટર-૩૦ શ્રી ઝુલેલાલ સાંઈબાબા મંદિર પરિસરમાં ઝુલેશ્વર મહાદેવની ૧૦૮ દીવડાઓની મહા આરતી સાંજે ૬.૩૦ કલાકે કરવામાં આવશે. તો આ મહાઆરતીનોલાભ લેવા સૌ નગરજનોને પ્રમુખ સિંધી પંચાયત, ગાંધીનગર દ્વારા જણાવવામાંઆવેછે.

મહાનગર ભાજપના અનુસૂચિત જાતિ મોરચાના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર મહાનગર ભાજપ દ્વારા અનુસૂચિત જાતિ મોરચાના હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે. જેમાં પ્રમુખ ડૉ. નીતિનભાઈ પી. અનજાન, ઉપપ્રમુખ જ્યોતિકર સંદિપભાઈ પ્રિયદર્શી, વિરેન્દ્ર જાદવ, ગોવિંદભાઈ મકવાણા, ચતુરભાઈ તલવાડી, મહામંત્રી ભરત દીક્ષીત, ગૌતમભાઈ ચક્રવર્તી, મંત્રી રાકેશભાઈ સોલંકી, જયદ્રથભાઈ વાદી, બાબુભાઈ શ્રીમાળી, શૈલેષકુમાર પરમાર, જશોદાબેન શ્રીમાળી, કોષાધ્યક્ષ કમલેશભાઈ બેન્કર આ અનુસૂચિત જાતિ મોરચાના હોદ્દેદારોને પ્રમુખ ઋચીર ભટ્ટે અભિનંદન પાઠવ્યા હતા.

રક્તદાન મહાદાન

ગૌશાળા અને ગૌમાતાના લાભાર્થે ૨ પમીથી ૨ ઓગષ્ટ સુધી શિવકથાનું ભવ્ય આયોજન

અમદાવાદ, તા. ૨૨

શિવ પરિવાર અમદાવાદ અને ૐ નમઃ શિવાય ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે પવિત્ર શ્રાવણ માસમાં ગૌશાળા-ગૌમાતાના લાભાર્થે ગિરિબાપુની વ્યાસપીઠે તા. ૨પમી જુલાઈ-૨૦૧૨થી ૨ ઓગષ્ટ-૨૦૧૨ સુધી શિવકથા અમદાવાદ એજયુકેશન સોસાયટી ગ્રાઉન્ટ, હેલ્મેટ સર્કલ, મેમનગર, અમદાવાદ ખાતે બપોરે ૩ થી ૬.૩૦ કલાક દરમિયાન યોજાશે.

અમદાવાદના આંગણે સૌ પ્રથમવાર શિવ મહાપુરાણ જ્ઞાન યજ્ઞ-શિવકથા યોજાશે. જે દરમિયાન મહારૂદ્રયાગનું પણ આયોજન કરવામાં આવ્યું છે. પોથીયાત્રા ૨૪મી જુલાઈએ સાંજે ૪ કલાકે આશિષભાઈ પટેલના નિવાસ ૧, દિલખુશ સોસાયટી, નવરંગપુરા ખાતેથી નિકળી શિવમહાસ્થાન તરફ પ્રસ્થાન કરશે. માર્ગમાં પોથીયાત્રાનું સ્વાગત રતિલાલ પટેલ દ્વારા કરવામાં આવશે. ૨પમીએ દીપ પ્રાગટ્યમાં પ.પૂ. મહામંડલેશ્વર મહંત દિલીપદાસ, પ.પૂ. સદ્‌ગુરૂ પુરાણી બાલકૃષ્ણદાસ સ્વામી, પ.પૂ. શાસ્ત્રી નિરંજનભાઈ ઉપાધ્યાય, પ.પૂ. ૧૦૦૮ મહામંડલેશ્વર મહંત કણીરામ બાપુ, પ.પૂ. ભુવાજી રાજાભાઈ જયરામભાઈ, અજયભાઈ પટેલ, વિજય પટેલ, જતીનભાઈ પટેલ, ભરતભાઈ, શંભુલાલ પોપટ, બાબુભાઈ દેસાઈ અને શિવ પરિવાર અમદાવાદના સભ્યો ખાસ ઉપસ્થિત રહેશે. અંધકન્યા પ્રકાશગૃહની અંધ વિદ્યાર્થિનીઓ આ પ્રસંગે શિવસ્તૃતિ રજૂ કરશે.

મુંગી વેદનાને વાચા આપતી સંસ્થા 'HELP'

યુવાનીનું બીજુ નામ એટલે ઝંઝાવાત. તે સર્જન પણ કરી શકે અને વિસર્જન પણ. તે પ્રવાહને પલટી શકે, આંધીને રોકી શકે અને માર્ગમાં આવતા પત્થરની પ્રતિમા પણ બનાવી શકે, પણ હા, તેમનામાં વિચારોની સમૃદ્ધિ હોય તો. ગાંધીનગરના યુવાનોનો એક અલગ મિજાજ એક અલગ પ્રતિભા છે બે ચાર મિત્રો ભેગા થયા કિર્તિસિંહ વાઘેલા, સમીર વડીયા, આકાશ અગ્રવાત, શ્રેયસ ભાવસાર તેમના મનમાં વિચાર બીજ રોપાયું કે બે પગા પ્રાણીઓ (મનુષ્ય) માટે તો સૌ કોઈ સેવાકીય પ્રવૃત્તિ કરે પણ મુંગા અને અબોલ પશુઓનુ કોણ ? ક્યારેક આપણો શોખ આવા જીવો માટે મોતનો સંદેશ લઈને આવે છે. જે કદિ ફરિયાદ કરતા નથી એવી મુંગી વેદનાને આપણે વાચા ન આપી શકીએ ? અને આ મિત્રોએ પોતાના દરબારમાં (મિત્ર વર્તુળમાં) આ વાત વહેતી કરી અને તેમાંથી એક અનોખી સંસ્થા બની 'HEPL' (**Heritage & Enviornment Lover People**) પછી તો વાત વાયરે વાઈ અને એક બે કરતાં ૧૦૦ ઉપરાંત યુવાનો આ સેવાકાર્યમાં જોડાવા સંકલ્પબદ્ધ થયા. બે પગા પ્રાણીઓ માટે ચાર રસ્તે પરબો મંડાય છે. આપણે મુંગા બે પગા પક્ષીઓ માટે ઘેર ઘેર પરબો માંડીએ.... અને આ યુવાનોએ ઉનાળા દરમ્યાન ઘેર ઘેર જઈ વોટર પોટનું વિના મુલ્યે વિતરણ કરવા માંડ્યું. એટલુ જ નહિ ઉત્તરાયણના પર્વ દરમ્યાન એ ય કાપ્યો... લપેટ...ની બુમાબુમમાં ક્યાંક પક્ષીઓ ઝપટમાં આવી જાય અને ઘાયલ થયાના સમાચાર મળે તો તેની સારવાર માટે દોડી જવુ. ક્યાંય પણ પશુઓને કોઈ ફોર વ્હીલર અડફેટમાં લઈ લે તો તેની સારવાર માટે જરૂર પડે ડૉક્ટરની વ્યવસ્થા કરવી. પછી તો આ ટીમને સેવાકીય પ્રવૃત્તિમાં રસ પડવા લાગ્યો અને તેમનો સેવાકીય વ્યાપ વધ્યો. કુદરતની કૃપાથી વંચિત બાળકોના જીવનમાં મેઘધનુષી રંગો પુરવાનુ કામ કરીએ અને આવા મેન્ટલી ચેલેન્જ બાળકો માટે નવરાત્રિમાં સ્પે. ગરબાનું આયોજન, સાંસ્કૃતિક કાર્યક્રમનુ આયોજન, રમત ગમતની સ્પર્ધા, દિવાળી દરમ્યાન સ્પે. આતશબાજીનો કાર્યક્રમ વગેરેના આયોજન થવા માંડ્યા તેમના કહેવા મુજબ આ બધુ કોઈના પર ઉપકારની ભાવનાથી નહિ પણ નિજાનંદ માટે સ્વાન્તઃ સુખાય માટે અમો કરીએ છીએ. અને આ બધુ કરવાની શક્તિ અમને પરમાત્મા આપે છે... સ્વાભાવિક છે આવા કાર્યક્રમો માટે ફંડની જરૂર પડે તો તેમના મીની ભામાશા સમીર વડીયા, જીગર રૂપાલા, હિંમત વણઝારા, આકાશ અગ્રવાત, કિર્તિસિંહ વાઘેલા, વિજયસિંહ વાઘેલા પોતાના મોજશોખના ખર્ચમાં કાપ મુકી આ બધી વ્યવસ્થા કરે છે. તેમને સતત પ્રવૃત્તિશીલ રહેવું છે એટલે ગીરના જંગલોમાં જઈ સિંહ-વાઘની વસ્તી ગણતરી, દિપડાની, ગીધની વસ્તી ગણતરીમાં વન વિભાગ સાથે જોડાઈ નવું જ અભિયાન શરૂ કર્યુ. ગિરના જંગલોમાં ફોરેસ્ટ સ્ટાફની સેવા કરવાનો પણ વિચાર સુઝ્યો. તેમના માટે મેડીકલ ચેક અપ તેમજ દવા વિતરણની પણ વ્યવસ્થા કરી. ચોમાસા દરમ્યાન ફ્રી પ્લાન્ટેશનના વિચારને પણ અમલમાં મુકી બતાવ્યો. આમ નાના પાયે શરૂ થયેલો એક વિચાર અત્યારે વિચારોની હારમાળા બન્યો છે... નાનકડા બીજમાંથી એક વૃક્ષ બન્યુ છે અને આવનારા વર્ષોમાં તે વટવૃક્ષ બને અને ગાંધીનગરના અન્ય યુવાનો પણ આ પ્રસિદ્ધિ વગરની મુક સેવામાં જોડાય તો ગાંધીનગરની યુવાની અન્ય માટે પ્રેરણારૂપ બનશે... પણ હા... આમાં કોઈને પ્રમુખ કે મંત્રી, ખજાનચી કે ઓડીટર થવા નહિ મળે... ક્યાંય તમારા ફોટા નહિ છપાય... બધા જ પ્રમુખ... બધા જ મંત્રી... ઈચ્છા થાય તો સંપર્ક કરો **www.Help-india.org**

સંબંધ સજાવે જિંદગી
સંબંધોમાં સંવેદના
- પોપટલાલ પ્રજાપતિ
gsrelation@yahoo.com

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૪
સૂર્યાસ્ત : ૭.૨૭

તાપમાન

મહત્તમ : ૩૫.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૫ ટકા ● સાંજે ૫૯ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
કૉકટેલ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ : બોલ બચ્ચન : ૧૨.૩૦
ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૩.૩૦, ૧૦.૦૦
ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (અંગ્રેજી) : ૬.૪૫
: સ્ક્રીન-૩ : ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૧૨.૩૦
બોલ બચ્ચન : ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૪ : ગટ્ટુ : ૧૦.૦૦
કૉકટેલ : ૧૧.૪૫, ૨.૩૦
પિકચર અભિ બાકી હૈ : ૫.૧૫
બોલ બચ્ચન : ૭.૪૫, ૧૦.૩૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ : બોલ બચ્ચન : ૯.૦૦
ગટ્ટુ : ૧૨.૦૦
કૉકટેલ : ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
કૉકટેલ : ૯.૪૫, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૧૫, ૯.૧૫
: સ્ક્રીન-૩ : ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૧૦.૦૦
બોલ બચ્ચન : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
ધ ડાર્ક નાઈટ રાઈસીસ (હિન્દી) : ૯, ૧૨, ૩.૧૫, ૬.૩૦, ૯.૪૫

સૂર્યા, વાવોલ

કૉકટેલ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
જો જે રંગ લાવશે આપણી પ્રીત : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

ધાર્મિક

- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ, ગાંધીનગર દ્વારા વિપીનભાઈ ઓઝા, ૧૨, હરીધામ એંકલેવ, રાયસણ પેટ્રોલપંપ પાસે, ના નિવાસ સ્થાને શિવમહિમ્ન પાઠ યોજાશે.
- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સે.-૨૩, ગાંધીનગર દ્વારા ભાગ્યેશભાઈ દવે, ઘ-ટાઈપ, બ્લોક નં. ૬૫/૫, ના નિવાસ સ્થાને શિવમહિમ્ન પાઠ અને સ્તૃતિ વંદના રાત્રે ૯.૦૦ કલાકે.
- શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ, ગાંધીનગર દ્વારા ઈલાબેન જોશી, બ્લોક નં. ૬૦૪/૧, સે.-૭, ના નિવાસ સ્થાને સ્તૃતિ વંદના.
- શ્રી રામજી, મંદિર શ્રીરામ ધામ વાવોલ ખાતે શ્રાવણ માસ નિમિતે સવારથી જ લીલા મેવા (ફુટ)નાં હિંડોળા પ્રારંભ.
- રાત્રે ૮.૦૦ કલાકે, વિસનગરા નાગર પરિવાર દ્વાર શ્રી વાસુદેવભાઈ લક્ષ્મીશંકર પંડ્યા પ્લોટ નં. ૪૫૫- ગોકુળ, સેકટર-૮, ના નિવાસ સ્થાને શિવ મહિમ્ન સ્ત્રોત તથા શીવપાઠ રાખવામાં આવેલ છે.
- સાંજે ૬.૦૦ કલાકે, પંચદેવ મંદિર સે.-૨૨ ખાતે શિવમહાપુરાણ કથાનું પ્રવચન નિલકંઠ શાસ્ત્રી દ્વારા રસપાન કરાવશે. લીલીના હિંડોળાના દર્શનનો પણ લાભ ભકતો મેળવી શકશે.

આપની આજ

મેષ : આપને આજે વરિષ્ઠ વ્યક્તિઓ તથા નીતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે. આવકનાં સ્ત્રોતથી લાભ પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે.

વૃષભ : કર્મક્ષેત્રમાં વિશેષ ઉપલબ્ધિઓ અને નવા કાર્યોનો યોગ બની રહ્યો છે. વ્યાવસાયિકક્ષેત્રે ભાગીદારી, કૌટુંબિક વિવાદો, વેગેર જેવી સમસ્યાઓ માટે ભાગ્યવર્ધક યાત્રાનો યોગ બની રહ્યો છે.

મિથુન : આપને આજે આર્થિક ક્ષેત્રમાં શોધ સંબંધી કાર્યો થવાની સંભાવના છે. વિવાદિત આર્થિક પ્રકરણોને સંયમપૂર્વક ઉકેલવા જોઈએ. રોકાણ વગેરે માટે સમય યોગ્ય નથી.

કર્ક : લગ્નવાંચ્છુકો માટે જીવનસાથી પસંદગીનો યોગ પ્રબળ બને છે. કુટુંબમાં શુભ મંગળ કાર્યનું આયોજન થઈ શકશે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં ભાગીદારી માટે ઉત્તમ સમય.

સિંહ : આપને કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓનું નિરાકરણ હેતુસર યાત્રા અને ભાગદોડ થઈ શકે છે. વિવાદિત કાર્યોમાં કોઈપણ પ્રકારની ઉતાવળએ આપને માટે હિતકારી નથી.

કન્યા : આધ્યાત્મિક સંબંધી કાર્યોમાં વિશેષ લાભ પ્રાપ્તિ થઈ શકે છે. ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કલાત્મક શિક્ષાના કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

તુલા : જ્ઞાન, શિક્ષણ સંબંધી સામાજિક કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. ધાર્મિક લોકો માટે અત્યંત ઉપલબ્ધિ કારણ સમય છે. જ્ઞાનવર્ધક કાર્ય થશે.

વૃશ્ચિક : વ્યાપાર-વ્યવસાય સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય થઈ શકે છે. પવિત્ર તીર્થસ્થાનોની યાત્રા કરશો, શુભ મંગળ પ્રસંગોમાં યાત્રા થશે.

ધન : વ્યવસાયક્ષેત્રે આર્થિક સ્ત્રોતોથી લાભ પ્રાપ્તિ થઈ શકે છે. રાજકીય સ્ત્રોતથી ધન પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. વિશિષ્ટ ખાનપાનનો યોગ. સંચિત ધન વૃદ્ધિનો યોગ.

મકર : આખો દિવસ મનોરંજન કલા આમોદ- પ્રમોદના કાર્યોમાં પસાર થશે તથા તેમાં રુચિ જાગૃત થશે. સાહિત્ય જગતના લોકો માટે ઉપલબ્ધિ કારક સમય. શુભ શારીરિક સુખ પ્રાપ્તિનો યોગ.

કુંભ : કુટુંબ સંબંધી વિવાદ માનસિક કષ્ટનું કારણ બની શકે છે. આર્થિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં પ્રતિષ્ઠાના યોગ.

મીન : એન્જિનિયર, ટેકનોલોજી કર્મીઓ માટે ઉપલબ્ધિ ભાગ્યવર્ધક કાર્યો માટે યાત્રા પ્રવાસનો યોગ. ધાર્મિક કાર્યોમાં યાત્રા થશે.

ચિરવિદાય

- સ્વ.ઈન્દ્રવદનભાઈ મહેન્દ્રભાઈ ભટ્ટ (ઉ.વ.૭૪) પ્લોટ નં. ૧૫૬૩/૨, સેકટર-૩/ડી, ગાંધીનગર.
- સ્વ.સોમાભાઈ વિરમભાઈ ઠાકોર (ઉ.વ.૯૦) મુ.પો. મોટી સિહોલી, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ.પ્રભાબેન રાજુભાઈ દંતાણી (ઉ.વ.૪૦) સેકટર- ૨૦ના કાચા છાપરાં, ગાંધીનગર.
- સ્વ.મંગળાબેન રતિલાલ મહેતા (ઉ.વ.૮૬) પ્લોટ નં. ૨૧૦/૧, હરિકૃપા એપાર્ટમેન્ટ, સેકટર-૨૯, ગાંધીનગર.